# આખરે આશાબેન વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા

## ઉંઝા નપાના ૧૫ અપક્ષ કોર્પોરેટર, એક કોંગ્રેસી કોર્પોરેટર અને તાલુકા પંચાયતના ૧૦ અપક્ષ સભ્ય પાર્ટીમાં જોડાયા

આઠ દિવસ પહેલાં કોંગ્રેસમાંથી ધારાસભ્ય પદેથી અને સભ્ય તરીકે રાજીનામું ધરી દેનાર આશાબહેન પટેલ આજે પાટણ ખાતે ભાજપ દ્વારા યોજાયેલા કલસ્ટર સંમેલનમાં વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. હરિયાણાના મુખ્યમંત્રી મનોહર ખટ્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ક્લસ્ટર સંમેલનમાં આશાબહેન પટેલે જીતુ વાઘાણીના હસ્તે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. તેમની સાથે ઉંઝા નગરપાલિકાના ૧૫ અપક્ષ કોર્પોરેટર, ૧ કોંગી કોર્પોરેટર અને તાલુકા પંચાયતના ૧૦ અપક્ષ સભ્યો સહિત ૧૧૦૦ કાર્યકરો પણ ભાજપમાં જોડાયા હતા. આશાબહેન ભાજપમાં જોડાઈ જતાં કોંગ્રસને લોકસભાની ચૂંટણી પહેલા બહુ મોટો ફટકો પડયો છે. તો, ભાજપના નેતાઓએ આશાબહેનને ઉમળકાભેર ભાજપમાં આવકાર આપ્યો હતો. પાટણ ખાતે ક્લસ્ટર સંમેલનમાં કાર્યકરોને લોકસભા ચૂંટણીની તૈયારીઓ માટે હરિયાણાના મુખ્યમંત્રી મનોહરખટ્ટર પ્રદેશ પ્રમુખ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના નેતાઓનું માર્ગદર્શન બહુ નોંધનીય મનાય છે. મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ ત્રણેય જિલ્લાની લોકસભા બેઠકોના સાંસદો, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો અને શક્તિ કેન્દ્રોના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. આજે પાટણ ખાતે ક્લસ્ટર સંમેલનમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહર ખટ્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયુ હતુ અને તેમાં નાયબ મુખ્યમંત્રી, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા એમ ત્રણેય જિલ્લાની લોકસભા બેઠકના સાંસદ, ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય અને શક્તિ કેન્દ્રોના પ્રમુખોની હાજરી ઘણી સૂચક રહી હતી. આ સંમેલનમાં ઉંઝા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલે વિધિવત્ રીતે ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો અને સત્તાવાર રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. તેમની સાથે ઉંઝા નગરપાલિકાના ૧૫થી વધુ કોર્પોરેટર પણ કેસરિયો ધારણ કર્યો હતો. આશાબેન પટેલની સાથે તાલુકા પંચાયતના ૧૦ સદસ્યો સહિત ૧૧૦૦ કાર્યકરો પણ ભાજપમાં જોડાયા હતા. પાર્ટીમાં જોડાય તે પહેલા આશાબેને પોતાની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભાજપ મારી યોગ્યતા જોઈ જે કામ આપશે તે હું પુરા ખંતથી કરીશ. પાર્ટીમાં મને લઈને જે નિર્ણય લેવાશે તે મારા માટે આખરી નિર્ણય હશે. હું ભાજપના સામાન્ય કાર્યકરની જેમ પક્ષમાં જોડાઈ છું. મેં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ સાથે મુલાકાત કરીને મેં તેમના આર્શીવાદ લીધા હતા. ભાજપના કાર્યકર્તા તરીકે તેમને જે જવાબદારી સોંપાશે તે નિષ્ઠાપૂર્વક નિભાવવાની વાત પણ આશાબહેને ઉચ્ચારી હતી.



# મુખ્યમંત્રી રૂપાણીએ સંગમ ખાતે પવિત્ર સ્નાન પણ કર્યું

ગાંધીનગર,તા.૮

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે પત્નિની સાથે સંગમમાં સ્નાન કરીને અક્ષયવટ અને હનુમાન મંદિરમાં દર્શન કર્યા હતા. ઉન્નત પ્રગતિ કરે તેવી પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે હિન્દુ સંસ્કૃતિમાં આ પવિત્ર કુંભ એ સામાજિક સમરસતાનું એક આગવું પ્રતિક છે. કરોડો શ્રદ્ધાળુઓ નિર્મોહી અનિ અખાડાના સંતવર્યોની તેમજ પ્રયાગરાજના પવિત્ર ઐતિહાસિક વડની પણ મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યાં હતાં અને દર્શન કર્યા હતાં. રૂપાણી



રૂપાણી ગુજરાતની રાત કુંભમેળા ક્ષેત્રમાં પહોંચ્યા હતા. કુંભનગર સ્થિત ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણ કર્યા બાદ આજે પોતાના પત્નિ સાથે સંગમમાં સ્નાન કર્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પવિત્ર કુંભસ્નાન ગંગા મૈયામાં ડુબકી લગાવીને કર્યું હતું. તેમણે આ કુંભમેળામાં સ્નાન કર્યા બાદ જણાવ્યું કે ગંગા મૈયા સમક્ષ દેશ અને રાજ્યની ઉન્નતિ, સૌના સાથ – સૌના વિકાસની મંગલકામનાઓ વાંચ્છી છે. વિજય રૂપાણીએ ગુજરાત વિકાસમાર્ગે આસ્થાપૂર્વક મેળાનો લાભ લેવા અને પવિત્ર સ્નાન માટે આવે છે. તે અર્થમાં આ મેળો ભારતની એકતા-અખંડિતતાનું પ્રતિક પણ છે એમ તેમણે ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ આટલા વિશાળ આયોજનમાં સ્વચ્છતા, સુરક્ષા અને કોઈ પણ જાતની કચાશ ન રહે તેની સંપૂર્ણ કાળજી લઈ એડવાન્સ પ્લાનિંગ – માઈક્રો પ્લાનિંગ માટે ઉત્તર પ્રદેશ સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને અભિનંદન પાઠવ્યા હતાં. મુખ્યમંત્રીએ કુંભમેળામાં સ્નાન પૂર્વે અખિલ ભારતીય પંચ શ્રીકાશીવિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટની ડિઝાઈન અને મોડલ પણ જોવા માટે પહોંચ્યા હતા. પોતાના પત્નિ અંજલિબેન અને પ્રવાસી ભારતીય મિત્ર ચંદ્રકાંત શુક્લાની સાથે કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા હતા. બાબાના દર્શન કર્યા હતા. પ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો. કમિશનર દિપક અગ્રવાલ અને પરામર્શ કંપનીના અધિકારીઓએ તેમને કોરિડોરની ડિઝાઈન દર્શાવી હતી. સાંજની આરતીમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક મંત્રોચ્ચારથી ગંગા આરતી કરી હતી.



આજે ઉવારસદ ગામના સ્વામિનારાયણ મંદિરમાં સાતમો પાટોત્સવ અને પાંચ દિવસની પારાયણનો પ્રારંભ થયો. વડનગર સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભ સ્વામી પોતાની દિવ્ય વાણીથી શ્રોતા ભક્તના મન પર અમિટ છાપ છોડી રહ્યા છે.

# હિંમતનગર શિક્ષણાધિકારી કચેરીના હેડક્લાર્ક લાંચ લેતા ઝડપાયા

હિંમતનગર, તા. ૮

હિંમતનગર કલેક્ટર કચેરીમાં આવેલા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ફરજ બજાવતા એક હેડક્લાર્કને ગાંધીનગર એસીબીએ સાતમા પગાર પંચનો તફાવત તથા રજાઓનો પગાર લેવાની ફાઈલ ક્લિયર કરવાના બહાને લાંચ માંગતા તે અંગે ગોઠવાયેલા છટકામાં શુક્રવારે હેડક્લાર્ક રૂ. ૧૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જેને લઈને કલેક્ટર કચેરીમાં સોંપો પડી ગયો હતો.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ કલેક્ટર કચેરીમાં આવેલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ખુબજ ભ્રષ્ટાચાર ચાલતો હોવાને કારણે અહીં કોઈપણ કામ પૈસા વિના થતુ નથી. તેવી છાપ આમ પ્રજામાં તથા શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં પ્રસરી છે. દરમ્યાન સાતમાં પગાર પંચનો તફાવત તથા રજા પગાર બાકી હોવાને કારણે તેની ફાઈલ ક્લિયર કરવા માટે શિક્ષણાધિકારી કચેરીમાં હેડક્લાર્ક તરીકે ફરજ બજાવતા નગીનભાઈ બળદેવભાઈ શ્રીમાળીએ એક જાગૃત નાગરીક પાસેથી રૂ. ૧૫૦૦ની માંગણી કરી હતી. જોકે અગાઉ તેઓએ સ્વૈચ્છિક નિવૃત્તી લીધી હોવાને કારણે સાતમા પગાર પંચના તફાવતના નાણાં અને રજા પગારના નાણાંનું બીલ તેમની શાળા તરફથી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં મોકલી દેવાયુ હતુ. તેમ છતાં તેમની ફાઈલ ક્લિયર થતી ન હતી.

ત્યારબાદ આ જાગૃત નાગરીકે લાંચનુ છટકુ ગોઠવવા માટે થોડા દિવસ અગાઉ ગાંધીનગર એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી ગાંધીનગર એસીબીના પી.આઈ. આર.એન. પટેલ તથા તેમની ટીમે શુક્રવારે છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં નક્કી કરાયા મુજબ આ જાગૃત નાગરીક હેડક્લાર્ક એન.બી. શ્રીમાળીને તેમના ટેબલ પર રૂ. ૧૫૦૦ લાંચ પેટે આપતા હતા. ત્યારે એસીબીની ટીમે તેમને રંગે હાથ ઝડપી લીધા હતા.

ઉલ્લેખનીય છે કે અગાઉ આ જાગૃત નાગરીક પાસેથી તેમની ફાઈલ ક્લિયર કરવા હેડક્લાર્કે રૂ. ૫ હજારની માંગણી કરી હતી. પરંતુ રકઝક કરાયા બાદ લાંચ પેટે રૂ. ૧૫૦૦ નક્કી થયા હતા. ગાંધીનગર એસીબીએ કરેલી સફળ ટ્રેપ બાદ તેમની પાસેથી રૂ. ૧૫૦૦ કબજે લેવામાં આવ્યા હતા.

## પાલનપુરના ગઠામણ પાટિયા પાસેથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

પાલનપુરના ગઠામણ પાટિયા નજીકથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. દરમિયાન, પોલીસે અજાણ્યા મૃતકની ઓળખવિધિ હાથ ધરી આ આત્મહત્યા છે કે હત્યા તે દિશામાં તપાસ હાથ ધરી છે. ઘટનાને પગલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

## વડગામમાં ધો.૧૦ના છાત્રો માટે માર્ગદર્શન સેમીનાર યોજાશે

વડગામ ખાતે રવિવારે સવારે ૯ થી ૧૧-૩૦ કલાક સુધી ધો.૧૦ પછીના વિજ્ઞાન વિષયમાં કારકીર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા સરસ્વતી સ્કૂલ ખાતે નિશુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરના નિષ્ણાંત ડો. અજયરાજસિંહ રાજપૂત, બળવંતસિંહ રાજપૂત, સુમિલભાઈ બારોટ, શુભમભાઈ બ્રહ્મભટ્ટ અને ઈન્દુબેન સોની સહિતના શિક્ષણ નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન અપાશે. તેમજ ધો.૧૧-૧૨ ભણવા માટે અનામત અને બિનઅનામતના વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સહાય અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને ભાગ લેવા અનુરોધ કરાયો છે.



માણસા-ગાંધીનગર હાઈવે પર 'બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ'ની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સમાં તા.૭-૨-૨૦૧૯ ના રોજ એસ.વાય અને ટી.વાય ના વિદ્યાર્થીઓની સ્વાસ્થ અંગેની જાગૃતિ માટે પ્રથમા બ્લડ સેન્ટર અમદાવાદના સહકારથી થેલેસેમિયા ટેસ્ટનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાયન્સ કોલેજના આશરે ૨૦૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ ટેસ્ટનો લાભ લીધો હતો.

# વર્તમાન સભ્ય-રાજયસભા સાસંદોને ટિકિટ નહી મળે

અમદાવાદ,તા.૮

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં આ વખતે કોંગ્રેસ પક્ષ દ્વારા ખૂબ જ મહત્વનો નિર્ણય કર્યો છે કે, વર્તમાન ધારાસભ્યો અને રાજયસભા સાંસદોને લોકસભાની ચૂંટણીમાં ટિકિટ નહી અપાય અને તેઓને આ ચૂંટણી નહી લડાવાય. તેના બદલે પક્ષ માટે કટિબધ્ધ અને નિષ્ઠાવાન ઉમેદવારોને કોંગ્રેસ દ્વારા તક પૂરી પાડવામાં આવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ પક્ષના મહાસચિવો સાથેની બેઠકમાં આ મહત્વની સૂચના જારી કરી હતી. કોંગ્રેસના આ ખૂબ જ મહ્ત્વપૂર્ણ નિર્ણયને લઈ કોંગ્રેસની છાવણીમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કારણે કે, કોંગ્રેસના આઠથી વધુ ધારાસભ્યો અને રાજયસભા સાંસદના ચૂંટણી લડવાની આશા પર પાણી ફરી વળે તેમ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની પક્ષના મહાસચિવો સાથે યોજાયેલી બેઠકમાં ગુજરાત સહિત દેશના કોઈપણ રાજયમાં વર્તમાન ધારાસભ્યો અને રાજયસભા સાંસદને લોકસભાની ચૂંટણી નહી લડાવવાનો નિર્ણય લેવાયો હતો. ગુજરાતમાં પણ આ નિયમ લાગુ કરવામાં આવશે. જેને પગલે ગુજરાતની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના વર્તમાન ધારાસભ્યો અને રાજયસભા સાંસદોને ટિકિટ નહી મળે. એટલું જ નહી, જેઓ ત્રણથી ચાર વાર ચૂંટણી હારી ગયા હશે તેવા ઉમેદવારોને પણ ટિકિટ ફાળવાશે નહી. કોંગ્રેસ હાઈકમાન્ડના આ મહત્વના નિર્ણયને પગલે ગુજરાતમાં કોંગ્રેસના આઠથી વધુ ધારાસભ્યો અને રાજયસભા સાંસદના ચૂંટણી લડવાની આશા પર પાણી ફરી વળે તેમ છે. જેને લઈ હાલ કોંગ્રેસની છાવણીમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. બીજીબાજુ, ગુજરાતમાં વલસાડ જિલ્લાની બેઠકનો ઈતિહાસ અને સિરસ્તો ઘણો રસપ્રદ અને નોંધનીય રહ્યો હોઈ ભાજપ-કોંગ્રેસ દ્વારા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને લઈ આ બેઠક પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

# હિંમતનગરના વિવિધ વિસ્તારોમાંથી સાત માસમાં પાંચ બાઈકની ચોરી

હિંમતનગર, તા. ૮

હિંમતનગરમાં વિવિધ વિસ્તારોમાંથી સાત માસ અગાઉથી આજ દિન સુધી પાંચ બાઈકોની થયેલી ચોરી અંગેની ફરીયાદ ગુરૂવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે હિંમતનગરના જૈના એલર્ટનગરમાં રહેતા ધવલકુમાર જયંતીભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨ ફેબ્રુઆરીના રોજ તેમના મકાન આગળ પાર્ક કરેલ રૂ. ૩૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯. સીજે.૮૧૪૮ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તેમણે એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આ ઉપરાંત હિંમતનગરના બસસ્ટેન્ડ વિસ્તારમાં ગત નવેમ્બર માસની ૨૫મી તારીખે દિપકભાઈ મણીભાઈ વાઘેલાએ પાર્ક કરેલ રૂ. ૧૮ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.સીકે.૪૧૫૭ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. ટાવર સર્કલ પાસે ગત તા. ૪ જાન્યુઆરીના રોજ ધર્મેન્દ્રભાઈ કોદરભાઈ વાઘેલાએ પાર્ક કરેલ રૂ. ૩૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૯.સીડી. ૬૯૮૩ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો.

તેજ પ્રમાણે ટાવર રોડ પર આવેલ લાઈબ્રેરી નજીકથી ગત તા. ૨૨-૮-૨૦૧૮ના રોજ મેહુલકુમાર ભરતભાઈ ડબગરે પાર્ક કરેલ રૂ. ૨૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.સીએફ.૨૧૬૫ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. તથા હિંમતનગર સિવિલ સર્કલ પાસે બેંક આગળ પાર્ક કરાયેલ રૂ. ૧૨ હજારની કિંમતના કિરણકુમાર પ્રમોદભાઈ ઉપાધ્યાયનું બાઈક નં. જીજે૯સીડી.૦૮૬૭ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જેથી ચાર બાઈક ચોરાયાની ફરીયાદ ગુરૂવારે બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

હિંમતનગરમાંથી વાહનચોરીની ઘટનાઓમાં ખુબ જ વધારો થઈ ગયો હોવા છતાં પોલીસતંત્ર આવા વાહનચાલકોના વાહનો શોધી શકતી નથી. જેના લીધે વાહનચોર ટોળકીને હિંમતનગર સહીત સાબરકાંઠામાં મોકળુ મેદાન મળી રહ્યું હોય તેવી લાગણી પ્રજામાં ઉભી થઈ છે.



સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસમાં એનએમએચપીના અનુભવી મનોચિકિત્સક અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડો. આરજીત ગૌરવ દ્વારા ખૂબ જ માહિતીપ્રદ પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે દીપિકા પાદુકોણ, શાહરુખ ખાન, પ્રિન્સેસ ડાયેના સહિતના આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સેલિબ્રિટીઝના ઉદાહરણો આપીને ચિંતા, ડિમેન્શિયા, સ્કિઝોફેનિઆ, ડિપ્રેશન વગેરે જેવા વિવિધ માનસિક વિકારો સમજાવ્યા. તેમણે ડિપ્રેસન અને આત્મહત્યાના રોકથામ અને સારવારમાં યોગ અને ધ્યાન સાથે દવાઓના મહત્વની ઊંડી સમજણ આપી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વાતચીત કરી અને હતાશાના વિચારને લગતા પ્રશ્નોનો ઉકેલ લાવ્યો. માનસિક સ્વાસ્થ્ય સંબંધિત વિવિધ રોગોની સારવારમાં આધ્યાત્મિક વિજ્ઞાન ઉપર તબીબી વિજ્ઞાનના મૂલ્ય પર વધુ ભાર મૂક્યો હતો. માનસિક રોગોની સારવાર માટે મનોચિકિત્સકની સલાહ લેવા માટે શરમ અનુભવતી નથી

## દેશમાં પ્રથમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંકિતાએ કોઈ પણ પ્રકારનું પ્રોફેશનલ કોચિંગ મેળવ્યુ નથી અને તે ઓનલાઈન ગાઈડન્સ તેમજ કોલેજના પ્રોફેસરો પાસેથી શીખીને પ્રથમ ક્રમ લાવી છે. તેના પિતા પણ ફાર્મસી કંપનીમાં નોકરી કરતા હોવાથી અને ફાર્મસીમા ફિલ્ડમા હોવાથી તેને પણ ધો.૧૨ સાયન્સ બાદ ફાર્મસીમાં જવાની અને રીસર્ચમાં આગળ વધવાની પ્રેરણા મળી હતી.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જાહેર કરાયેલા કટ ઓફ મુજબ જનરલ કેટેગરીમાં ૧૪૧, ઓબીસીમાં ૧૧૭, એસસીમાં ૯૫ અને એસટીમાં ૭૪ માર્કસ છે. ઓપન કેટેગરીમાં ૧૯૫૨, ઓબીસીમાં ૧૧૦૩, એસસીમાં ૬૨૬ અને એસટી કેટેગરીમાં ૩૧૩ વિદ્યાર્થી સમગ્રે દેશમાંથી પાસ થયા છે.

ફાર્મસી કૉલેજોના વિદ્યાર્થીઓ હવે રાષ્ટ્રીય સ્તરે પણ ઝળકતા થયા છે તે બાબત ખરેખર નોંધપાત્ર છે અને તેના માટે એલ.એમ.કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સીપાલ ડૉ. એમ.ટી. છાબરીયા અને તેમની ટીમ અભિનંદનને પાત્ર છે એમ જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.નવીન શેઠે જણાવ્યું છે.

## આકરો મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડીનુ જોર વધવાની સાથે દિવસે મહત્તમ તાપમાન પણ ઘટતા સુસવાટા મારતા પવન વચ્ચે દિવસે પણ રાત્રિની જેવી ઠંડક પ્રસરી હતી. જયારે સાંજ ઢળતા જ ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બન્યો હતો. કાતિલ ઠંડીના લીધે નગરજનોએ કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. જયારે રાત્રિના પણ નગરના શોપિંગ બજારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે સવારના સમયે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટી છે. આકરી ઠંડીના લીધે દમ અને શ્વાસના દર્દીઓમાં પણ વધારો થયો છે. તેમની પરેશાની વધી છે. જયારે મોસમમાં નાટયાત્મક બદલાવના અંતે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.

## શોપીંગ સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. જયારે આ જગ્યા હાલ પાર્કીંગના ઉપયોગમાં પણ આવતી નથી. આ મામલે તંત્ર દ્વારા સ્થળ સ્થિતિનો અભ્યાસ હાથ ધર્યા બાદ આ ઠેકાણે પાર્કીંગ તેમજ બગીચાનુ નિર્માણ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ મામલે એકવાર ડિઝાઈન તૈયાર કરી દેવાયા બાદ હવે રીડાઝાઈન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. વિદેશી પેટર્ન પર બગીચા તેમજ પાર્કીંગ પ્લેસની ડિઝાઈન તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે.

## હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સ્થિતી અકબંધ રહી શકે છે. બીજા બાજુ હિમાચલ અને કાશ્મીરમાં હિમવર્ષા જારી રહી છે.હવામાન વિભાગે કહ્યુ છે કે પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે મેદાની ભાગોમાં તેની અસર દેખાઈ રહી છે. સતત બીજા દિવસે દિલ્હી અને એનસીઆર સહિત વિવિધ ભાગોમાં સવારે જોરદાર વરસાદ થતા ચારેબાજુ અંધારપટ્ટની સ્થિતી છવાઈ ગઈ હતી. હવામાન વિભાગે ભારે હિમવર્ષા જારી રહેવાની પણ વાત કરવામાં આવી છે. જમ્મુ અને ખીણ પ્રદેશમાં હિમવર્ષા અને વરસાદ પડ્યો છે.

ભારે હિમવર્ષાના કારણે જમ્મુ-શ્રીનગર રાજમાર્ગને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. આઈએમડી દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને સાવધાન કરવા માટે ચેતવણી જારી કરવામાં આવી છે. સિવિક સંસ્થાઓ અને લોકો માટે રેડ કેટેગરીની નોટીસ જારી કરવામાં આવી છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં હિમવર્ષા અસામાન્ય નથી. દેશભરમાં કાતિલ ઠંડી વચ્ચે રાજસ્થાનમાં ધુમ્મસની સ્થિતી છે. રાજસ્થાનમાં છેલ્લા કેટલાક વર્ષોમાં હાલના સમયમાં સૌથી વધારે ઠંડી પડી રહી છે. લોકો ઠંડીના કારણે ભારે પરેશાન છે. જનજીવન ખોરવાઈ ગયુ છે. ટ્રેન સેવાને પણ અસર થઈ છે.

## ઝડપી પાડ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

હીરાનો સમાવેશ થાય છે. સવરન સ્ટોર્સના માલિક યોગ્રાથીનમ પુન્દુરાઈ, તેમના સાથીદાર રામાજિયમ ઉર્ફે બાલા કે જે લોટ્સ ગ્રુપ અને જીસ્કેવરના માલિક છે તેમની માલિકીની લગભગ ૭૨ જેટલી જગ્યાઓએ આઈટી ડિપાર્ટમેન્ટે રડે કરી કરી હતી.

આ અંગે અધિકારીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતુ કે રેડની માહિતી પુન્દુરાઈ અને બાલાને અગાઉથી મળી ગઈ હોવાથી તેમણે મોટાભાગના ડોક્યુમેન્ટ્સ, મોટા પ્રમાણમાં કેશ, ગોલ્ડ અને ડાયમન્ડ્સને એસયુવી કારમાં મૂકી દીધાં હતા. અને ડ્રાઈવરને સૂચના આપી હતી કે આ કારને શહેરમાં ફેરવતા રહેજો.

આ સિવાય તેમના સ્ટાફે કોમ્પ્યુટર્સ અને સીસીટીવી ફુટેજનો પણ નાશ કર્યો છે. રેડ દરમિયાન વિવિધ પ્રકારના સવાલોમાંથી એ માહિતી જાણવા મળી હતી કે એક એસયુવીમાં કેશ અને અન્ય કિંમતી વસ્તુઓ મુકેલી છે. અને અમે આ અંગેની વધુ વિગતો પોલીસ પાસેથી મેળવી હતી. અને કારમાંથી કેટલીક વસ્તુઓ જપ્ત કરી હતી. જોકે કારમાંથી વધુ મુદ્દામાલ મળી આવ્યો ન હતો. પરંતુ અમને એવી પણ માહિતી મળી હતી કે કિંમતી વસ્તુઓ ભરેલી કેટલીક બેગ્સ કબ્રસ્તાનમાં દાટવામાં આવી છે. જયારે અન્ય બેગ્સને બિલ્ડિંગમાં મૂકવામાં આવી છે. આ ઓપરેશન લગભગ ૯ દિવસ જેટલું લાંબુ ચાલ્યું હતું. ડિપાર્ટમેન્ટને પોન્દુરાઈ અને બાલા વચ્ચે મોટા પ્રમાણ ટ્રાન્ઝેકશન્સ થયા હોવાની માહિતી મળી હતી.

રેડ દરમિયા પોન્દુરાઈના બિઝનેસ એસ્ટાબ્લિશમેન્ટમાંથી ૨૮૪ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક મળી આવી હતી. જયારે બાલાની માલિકીની બે ફર્મ્સમાંથી ૧૪૯ કરોડ રૂપિયા મળી આવ્યા હતા.